ટ્રમ્પ યાત્રા : ક્રાઈમ બ્રાંચનો એકશન પ્લાન

સિક્રેટ સર્વિસ, એસપીજી, એનએસજી, એટીએસ સુરક્ષામાં : એસઆરપી, ચેતક કમાન્ડો, રેપિડ એકશન ફોર્સના જવાનો પણ તૈનાત રહેશે તમામ સલામતી સંસ્થા વચ્ચે સંકલન માટે આયોજન : જીએમડીસીમાં પાર્કિંગ

અમદાવાદ, તા.૨૦

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાઈપ્રોફાઈલ યાત્રાને લઈને તમામ તૈયારીઓ અંતિમ

તબક્કામાં પહોંચી ચુકી છે ત્યારે સુરક્ષા પાસાઓને લઈને પણ એકશન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એકશન પ્લાન તૈયાર કર્યો છે. સ્પેશિયલ પોલીસ કમિશનર અજય તોમરે આજે નસમ્તે ટ્રમ્પ કાર્યક્રમ અને તેમના અન્ય કાર્યક્રમને લઈને સુરક્ષા અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે તમામ સુરક્ષા સંસ્થાઓ સંપૂર્ણ સજ્જ છે. સિક્રેટર સર્વિસ, એસપીજી, એનએસજી, એટીએસ, ક્રાઈમ બ્રાંચ, રેપિટ એકશન ફોર્સ અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ સંકલન સાધીને વ્યવસ્થા પર કામ કરી રહી છે.

એસઆરપી અને પેટાકમાન્ડો પર ફરજ બજાવશે. મેટલ ડિટેકટર અને એન્ટી ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ પણ કરાશે. આ ઉપરાંત કોઈ કચાશ ન રહે તે માટે સૂચના આપવામાં આવી છે. દરેક જિલ્લાઓમાંથી આવેલા લોકો માટે પાર્કિંગની જુદી જુદી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જીએમડીસી ગ્રાઉન્ડમાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. જ્યાંથી બસ મારફતે લોકો સ્ટેડિયમ પર પહોંચશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને પીએમ મોદીની તા.૨૪ ફેબ્રુઆરીની મુલાકાતને લઈ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બહુ ખાસ એકશન પ્લાન તૈયાર કર્યો છે અને તે અંતર્ગત શહેરમાં પોલીસ અને સુરક્ષા જવાનોની અભેદ્ય લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવામાં આવી છે. ખાસ કરીને બંને મહાનુભાવો જે રૂટ પરથી પસાર થવાના છે અને મોટેરા સ્ટેડિયમ સહિત જે કાર્યક્રમોમાં હાજરી આપવાના છે તે સ્થળોએ તેમની ફરતે અભેદ્ય સુરક્ષા કવચ તૈનાત રહેશે. ટ્રમ્પના ભારત પ્રવાસને લઈ સુરક્ષા એજન્સીઓ તમામ પ્રકારે સુસજ્જ હોવાનો દાવો કરતાં શહેર ક્રાઈમબ્રાંચના સ્પેશ્યલ કમિશનર અજય તોમરે જણાવ્યું હતું કે, ટ્રમ્પ અને મોદીની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની તૈયારીઓ થઈ ગઈ છે.

ટ્રમ્પના ભારત પ્રવાસને લઈ એજન્સીઓ એકદમ સતર્ક

અને હાઈએલર્ટ પર છે. અમદાવાદ પોલીસ અને વહીવટી તંત્ર માટે આ મોટું આયોજન છે. સિક્રેટ સર્વિસ, એસપીજી, એનએસજી, એટીએસ, ક્રાઈમ બ્રાન્ચ,રેપિડ એકશન ફોર્સ અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ સંકલન સાધીને આ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. તેમજ એસઆરપી અને ચેતક કમાન્ડો પણ ફરજ પર રહેશે. આ દરમિયાન મેટલડીટેક્ટર અને એન્ટી ડ્રોન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. તમામ એજન્સીઓ, અમ્યુકો, ટ્રાન્સપોર્ટ કમિશનર, અધિકારીઓ અને એજન્સીઓ વચ્ચે સંકલન સાથે કામગીરી ચાલી રહી છે. ટ્રમ્પનું એરપોર્ટ ખાતે સ્વાગત કરવામાં આવશે અને ત્યારબાદ રોડ શો યોજાશે. તેની સાથે સાથે પોલીસે સાબરમતી આશ્રમમાં પણ બંદોબસ્ત ગોઠવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, પોલીસને સાબરમતી આશ્રમના કાર્યક્રમ રદ થવા અંગે કોઈ માહિતી નથી.

સુરક્ષા માટે અમદાવાદ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજમાં રહેશે. લેટેસ્ટ ટેકનોલોજી સાથે ગુજરાત પોલીસ સુરક્ષા વ્યવસ્થામાં મદદરૂપ થશે. જ્યારે ડીપ પોઈન્ટ, ધાબા પોઈન્ટ અને બેરિકેડ પણ રાખવામાં આવશે. તમામ નાગરિકોને સમયસર કાર્યક્રમમાં પહોંચવા માટે અપીલ કરવામાં આવે છે. એક પાસમાં એક વ્યક્તિને જ પ્રવેશ મળશે. આ કાર્યક્રમ માટે બે કિલોમીટરની અંદર સ્ટેડિયમમાં પાર્કિંગની વ્યવસ્થા કરી છે. ટ્રમ્પની સુરક્ષાની તકેદારી રાખવાની છે. દરેક જિલ્લામાંથી આવેલા લોકો માટે પાર્કિંગ સ્થળ પણ નક્કી કર્યાં છે. આ લોકો જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આવશે. જ્યાંથી બસ મારફતે સ્ટેડિયમ જશે. ટ્રમ્પ-મોદી બંને મહાનુભાવોની સુરક્ષાને લઈ સુરક્ષા જવાનો સ્ટેન્ડ ટુ છે.

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાતની તૈયારીઓ સંપૂર્ણ

અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને હવે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સમગ્ર આયોજનને આખરી ઓપ આપ્યો હતો.

મુખ્યમંત્રીએ મોટેરા સ્ટેડિયમમાં આયોજિત 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ સંદર્ભમાં સ્ટેડિયમમાં બેઠક વ્યવસ્થા તેમજ સ્ટેડિયમ સુધી પહોચવા માટે વાહન વ્યવહાર, ટ્રાફિક નિયંત્રણ અંગેની તલસ્પર્શી વિગતો વરિષ્ઠ સિચવો પાસેથી મેળવીને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આ બેઠકમાં ઉપસ્થિત રહીને મુખ્યમંત્રીને સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ સંદર્ભમાં મહાનુભાવોના જવા-આવવાના તેમજ રોડ શો ના માર્ગના ટ્રાફિક નિયમન, ટ્રાફિક જંકશન પર જનમેદની માટેની વ્યવસ્થાઓ વગેરેથી માહિતગાર કર્યા હતા. મુખ્યમંત્રીએ મોટેરા સ્ટેડિયમમાં આવનારા આમંત્રિતો, અગ્રણી નાગરિકો સહિત વિશાળ જનસમુદાયને સરળતાએ કાર્યક્રમ સ્થળે પહોચી શકાય તે માટે રાજ્ય સરકાર અને મહાપાલિકા તંત્રએ ગોઠવેલી વ્યવસ્થાની પણ વિગતો મેળવી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ અનિલ મૂકીમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, પોલીસ મહાનિદેશક શિવાનંદ જ્હા તેમજ અધિક મુખ્ય સચિવ પંકજકુમાર, અગ્ર સચિવ કમલદાયાની, ધનંજય દ્વિવેદી, હારિત શુકલા અને અમદાવાદ મહાપાલિકા કમિશનર વિજય નહેરા, માહિતી નિયામક એ. વી. કાલરિયા ઉપસ્થિત રહ્યા હતા.

કલાકારો અને આયોજકો માટે મોહનથાળ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અમદાવાદમાં ભવ્ય સ્વાગતની તૈયારી ચરમસીમા પર પહોંચી ચુકી છે. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં તમામ કલાકારો અને આયોજકો માટે પણ જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે આયોજન થઈરહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીના શોને ઐતિહાસિક અને યાગદાર બનાવવા તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ટોપના કલાકારો અને મહેમાનો પણ પહોંચી રહ્યા છે. ટ્રમ્પના કાર્યક્રમને લઈને મોટેરા સ્ટેડિયમ ખાતે આયોજન થઈ ચુક્યું છે. જે લોકો રોડ શોમાં ભાગ લેવા આવનાર છે તે લોકો માટે પણ વિશેષ તૈયારી રાખવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી આગામી તા.૨૪ ફેબ્રુઆરીએ વિશાળ રોડ શો અને મોટેરા સ્ટેડિયમ ખાતે નમસ્તે ટ્રમ્પમાં સુધી ૨૨ કિમી લાંબો રોડ શો કરવાના છે. આ રોડ શોમાં ભાગ લેવા આવનાર ધાર્મિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહેમાનો, પર્ફોર્મન્સ કરનારા કલાકારો, સ્વૈચ્છિક સંસ્થાઓના જે લોકો આવશે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ પેકેટની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહેમાનોને ફૂડ પેકેટમાં પુરી-શાક, ચણા-પુરી, શીંગ-ચણા, ચવાણું અને મોહનથાળ જેવો નાસ્તો આપવામાં આવશે. જે માટેની પણ તડામારા તંત્ર દ્વારા જોરશોરથી ચાલી રહી છે. તા.૨૪મી ફેબ્રુઆરીએ વહેલી સવારથી લોકો રોડ શોમાં ભાગ લેવા રૂટના માર્ગો પર ઉભા રહી જવાના હોવાથી સલામતી વ્યવસ્થા પણ જડબેસલાક ગોઠવવામાં આવી રહી છે. તો, રોડ શો અને મોટેરા સ્ટેડિયમ ખાતેના નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભાગ લેવા આવનાર ધાર્મિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, મહેમાનો, પર્ફોર્મન્સ કરનારા કલાકારો, સ્વૈચ્છિક સંસ્થાઓના લોકો માટે જમવા-ભોજન માટે અમ્યુકો તંત્ર માટે ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહેમાનોને આશરે ૬૦ હજારથી વધુ અલગ અલગ ફૂડ પેકેટ લાવવાની જવાબદારી જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરોને આપવામાં આવી છે. આ રૂટ પર ભારતીય પરંપરા અને વિવિધતામાં એકતા દર્શાવવામાં આવશે. તંત્ર દ્વારા આમંત્રિત કલાકારો અને મહેમાનોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે અને સરળતાપૂર્વક ફુડપેકેટ આપી શકાય તે પ્રકારનું આયોજન ચાલી રહ્યું છે.

પુરી-શાક અને શીંગ-ચણાના ૬૦ હજાર પેકેટ : ફુડ પેકેટ લાવવા માટેની જવાબદારી જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરોને ફાળવવામાં આવી

ગાંધી આશ્રમ ૨૩મી સુધી સામાન્ય જનતા માટે ખુલ્લો

ટ્રમ્પના કાર્યક્રમમાં કેટલાક ફેરફારની સંભાવના સ્ટેડિયમ તેમજ સાબરમતી આશ્રમ ખાતે તૈયારીઓ

અમદાવાદ, તા.૨૦

સાબરમતી આશ્રમના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે કે ઐતિહાસિક સાબરમતી આશ્રમને સામાન્ય લોકો માટે ૨૩મી ફેબ્રુઆરી સાંજે છ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવશે. ૨૪મીના દિવસે સામાન્ય લોકો માટે આશ્રમને બંધ રાખવામાં આવશે. સાબરમતી આશ્રમ ખાતે સત્તાવાળાઓએ આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આણ્યો છે. બીજી બાજુ એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે ગાંધીઆશ્રમના સંદર્ભમાં કાર્યક્રમોમાં ફેરફાર થઈ શકે છે. દિલ્હીમાં પણ ટ્રમ્પના કેટલાક કાર્યક્રમો રહેલા છે. સાબરમતી આશ્રમની તેમની યાત્રાના સંદર્ભમાં કેટલીક દુવિધાઓ હજુ પણ રહેલી છે. અમદાવાદની યોજનાઓને આખરી આપવામાં આવી રહ્યો છે. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં મોદી સાથે અમેરિકી પ્રમુખ રહેનાર છે. તેમનો કાફલો પણ રહેશે. સપ્ટેમ્બર ૨૦૧૯માં જે રીતે હોસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમનું આયોજન થયું હતું તેવી જ રીતે આ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં ટ્રમ્પ લાખોની સંખ્યામાં ઉપસ્થિત લોકોને સંબોધન કરનાર છે. આને લઈને સ્ટેડિયમની આસપાસ અભૂતપૂર્વ સુરક્ષા ગોઠવાઈ છે.

યુવા સશકિતકરણ પ્રોજેકટ નામે ભરતીની ખોટી જાહેરાત મુદ્દે પોલીસ ફરીયાદ

ગાંધીનગર,તા.૨૦

ભારત યુવા સશકિતકરણ પ્રોજેકટ અંતર્ગત ભરતીની ખોટી જાહેરાત આપી બેરોજગાર યુવક-યુવતિઓ સાથે છેંતરપિંડીનો પ્લાન ઘડી કાઢ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. જેને પગલે રોજગાર અધિકારી વી.એસ.પાંડોર દ્વારા સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ભારત યુવા સશકિતરણ પ્રોજેકટ અંતર્ગત જુદી-જુદી ૩૧૧૪ જગ્યાઓ માટે જાહેરાત આપીને ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. તા.૧૭ થી ૩૧ માર્ચ સુધી અરજીઓ મંગાવવામાં આવનાર હોવાનું નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરાત શંકાસ્પદ લાગતા રાજયની રોજગાર અને તાલિમ કચેરી દ્વારા જિલ્લા કચેરીને તપાસ માટે સુચના અપાઈ હતી. તપાસ કરતા અધિકારીઓને ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ ડોટ ઈન્ડીયાયેપ ડોટ ઓઆરજી સાઈટ પરથી ઘ-૨ પેટ્રોલપંપ સામે ઓફિસ હોવનું સરનામુ મળ્યુ હતું. જેને પગલે રોજગાર કચેરીના અધિકારીઓએ સ્થળ તપાસ કરતા આવી કોઈ ઓફિસ મળી જન હતી.તો બેવસાઈટ પર આપેલો ટોલ ફ્રી નંબર પણ અમાન્ય બોલતો હતો. જેને પગલે કોઈ ઈશમો દ્વારા સરકારના મેક ઈન ઈન્ડીયા સ્ટાર્ટઅપ અને સ્કીલ ઈન્ડીયાના લોગો નો દુરઉપયોગ કરી છેંતરપિંડીનો પ્લાન ઘડી કાઢ્યો હોવાનુ સામે આવ્યું છે. ત્યારે જિલ્લાના રોજગાર ઈચ્છતા યુવક-યુવતિઓ પાસે કોઈ છેતરપિંડીન થાય તે માટે નાગરીકોને આ બાબત ધ્યાન પર આવે તે માટે પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેથી સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ જી.એચ.સિંઘવે તપાસ શરુ કરી છે.

શનિવારે ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયનો પદવીદાન સમારોહ યોજાશે

૭૮ પીએચડી સહિત ૩૬૮ વિદ્યાર્થીઓને પદવીદાન : પ્રથમવાર ૨૭ વિદ્યાર્થીઓને સીયુજી મેડલ્સ એનાયત કરાશે : મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી ઉપસ્થિત રહેશે

ગાંધીનગરના સેક્ટર-૨૯ ખાતે ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયનો દ્વિતિય પદવીદાન સમારંભ આગામી તા. ૨૨મી ફેબ્રુઆરીએ યોજાશે. જેમાં મુખ્ય અતિથિપદે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ મુખ્ય મહેમાન પદે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીના કુલ ૩૬૮ વિદ્યાર્થીઓને વિવિધ પદવી એનાયત કરાશે તથા સૌ પ્રથમવાર તે વિભાગમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત મેડલ્સથી નવાજવામાં આવશે. ગુજરાત કેન્દ્રિય વિદ્યાલયના પદવીદાન સમારંભમાં પદવી પ્રાપ્ત કરવા જઈ રહેલા વિદ્યાર્થીઓમાં ૨૧૨ વિદ્યાર્થીઓને અનુસ્નાતકની, ૭૮ વિદ્યાર્થીઓને પીએચડી, ૬૦ વિદ્યાર્થીઓને એનફિલ અને ૧૬ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાની પદવી એનાયત કરાશે તથા વર્ષ ૨૦૧૮-૧૯ના વિવિધ અનુસ્તાનક વિભાગોમાંથી સર્વોચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર ૨૭ વિદ્યાર્થીઓને સીયુજી મેડલ્સથી નવાજવામાં આવશે. તમામ પદવીધારકો ભારતીય પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને પોતાની પદવી મેળવશે.

સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ પ્રેરિત આંદોલન સમેટાયું

આદિવાસીઓની લાગણીને વાચા આપતી સરકાર : મસવાડી પહોંચ-વિગત દર્શક કાર્ડ ૧૯૫૬ મુજબ સાચા જાતિ પ્રમાણપત્ર લાભાર્થી નક્કી ન થાય ત્યાં સુધી સ્થગિત

ગાંધીનગર, તા.૨૦

આદિજાતિ મંત્રી ગણપત વસાવાએ જણાવ્યું છે કે, આદિવાસીઓને બંધારણ મુજબ તેમના હક્કો મળી રહે અને હક્કોનું સંરક્ષણ થાય તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આદિવાસીઓના હક્કો માટે પૂરતી તકેદારી પણ રાજ્ય સરકાર એટલી જ રાખી રહી છે એટલે આજે સાચા આદિવાસી બચાવ સમિતિ પ્રેરિત આંદોલનના સભ્યો સાથે પરામર્શ કરીને તેમને રાજ્ય સરકારની લાગણી અંગે પરામર્શ કરતા તેમણે તેમનું આંદોલન સમેટી લીધું છે. આજે ગાંધીનગર ખાતે આદિજાતિ મંત્રી ગણપત વસાવા, કૃષિ મંત્રી આર.સી.ફળદુ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય મંત્રી રમણભાઈ પાટકર અને આદિજાતિ મંત્રી ગણપત વસાવાના અધ્યક્ષે રચાયેલ મંત્રી મંડળની કમિટીની સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિના સભ્યો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી ભાજપા સરકારે આદિવાસીઓના અધિકારો આપવામાં કોઈ કચાસ રાખી નથી. રાજ્ય સરકાર હરહંમેશ તેમની પડખે ઉભી રહી છે અને રહેશે જ. તેમણે સહેજ પણ ગભરાવાની જરર નથી, આ વાતાને તેઓએ સ્વીકારીને આ આંદોલન સમેટવાનો નિર્ણય કર્યો છે. વસાવાએ ઉમેર્યું કે, રાજ્ય સરકાર કાયમ માટે આદિવાસીઓના પ્રશ્નોને વાચા આપવા તત્પર છે. તેમને તેમના અધિકારો સમયસર મળી રહે તે માટે રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે. સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતી દ્વારા રજૂ કરાયેલા તમામ પ્રશ્નોની સંપૂર્ણ હકારાત્મકતાથી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને રાજ્ય સરકારે લીધેલા નિર્ણયોની પણ જાણકારી તેમને અપાઈ હતી. જેથી તેઓ સંતુષ્ઠ પણ થયા હતા. મંત્રી વસાવાએ ઉમેર્યું કે, મસવાડી પહોંચ અને વિગતદર્શક કાર્ડ આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૧-૦૧-૨૦૧૦ ના ઠરાવમાં પુરાવા તરીકે ગણેલ છે. તેને ૧૯૫૬ મુજબના સાચા જાતિ પ્રમાણપત્રના લાભાર્થી નકકી ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવે છે. વસાવાએ ઉમેર્યું કે, ૧૯૫૬ના નોટીફિકેશનનો યોગ્ય રીતે અમલ થાય તે માટે રાષ્ટ્રિય અનુસુચિત જનજાતિ આયોગને એક માસમાં દરખાસ્ત કરવામાં આવશે. પેરેન્ટ્સની વ્યાખ્યા માટે ભારત સરકાર પાસેથી માર્ગદર્શન મેળવવા અંગે દરખાસ્ત કરવાની કાર્યવાહી દિન-૧૦ માં પૂર્ણ કરવામાં આવશે અને તેના નિયમો દિન-૩૦માં આખરી કરાશે. નામ.ગુજરાત હાઈકોર્ટમાં ઠરાવ/પરિપત્ર બાબતે PIL No.132/2018, PIL No.237/2018, PIL No.171/2019 થયેલ છે. જેમાં આગામી મુદત પહેલાં આ ત્રણેય PIL માં એફીડેવીટ રજૂ કરાશે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્ણય બાદ યોગ્ય કાર્યવાહી થઈ શકશે.

ડીસામાં નીલકંઠ મહાદેવ અને ગોગા મહારાજની પ્રતિષ્ઠાની શોભાયાત્રા

ડીસા પાટણ હાઈવે ઉપર આવેલ શ્રીનાથ સોસાયટીમાં ભગવાન નીલકંઠ અને ગોગા મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા યોજાનાર હોઈ તેની તમામ તૈયારીઓ પુર જોશમાં ચાલી રહી છે તેમજ આ પ્રતિષ્ઠા નિમિત્તે ગુરૂવારે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં ભોલેનાથ અને ગોગા મહારાજની પ્રતિમાઓ સાથે યજમાન પણ જોડાયા હતા. ભગવાન ભોલેનાથ અને ગોગા મહારાજના જયઘોષ સાથે વાજતે ગાજતે નીકળેલ આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા.

ત્રાસવાદી કેમ્પો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કે ચીનને આ બાબતનો વિશ્વાસ છે કે તે હંમેશા પોતાના ઓલ વેધર ફ્રેન્ડની મદદ કરી શકશે નહીં. જો એફએટીએફ કઠોર રીતે કાર્યવાહી કરે છે તો પાકિસ્તાનને પોતાની ચાલાકી અને ગતિવિધિઓ પર ફરી વિચારણા કરવાની ફરજ પડશે. સેના પ્રમુખે મહિલાઓને સેનામાં કમિશન આપવાના મુદ્દે સુપ્રિમ કોર્ટના આદેશ પર કહ્યું હતું કે આ પગલું સ્વાગતરૂપ છે. જે સંસ્થાની યોગ્ય બાબત માટે કામ કરશે. વધુ સારી ક્ષમતા માટે અધિકારીઓની ભરતીની દિશામાં અસરકારક સાબિત થશે. ભારતીય સેનામાં મહિલા અધિકારીઓ સહિત તમામને રાષ્ટ્ર પ્રત્યે યોગદાન આપવાની સાથે સાથે પોતાની કેરિયરમાં પ્રગતિ માટેના એકસમાન અવસર આપવામાં આવશે. મહિલા અધિકારીઓને પત્ર મોકલીને પૂછવામાં આવી રહ્યું છે કે તેઓ સ્થાઈ કમિશનને મહત્વ આપવા માંગે છે કે કેમ. તેમણે એમ પણ કહ્યું હતું કે સેના જાતિય સમાનતાના મામલા પર પ્રયાસ કરી રહી છે. મહિલા અધિકારીઓને સ્થાઈ કમિશન આપવાના સુપ્રિમ કોર્ટના આદેશને તમામ લોકો સ્વાગત કરે છે. નરવણેએ કહ્યું હતું કે ભારતીય સેના કોઈ જવાનથી ધર્મ, જાતિ અને અન્ય મામલાઓમાં ભેદભાવ કરતી નથી.

કટિબદ્ધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પારંપરીક કાનૂનોની સુરક્ષા થાય છે. શાહે કહ્યું હતું કે ૨૦૧૪થી પહેલા નોર્થ ઈસ્ટ માત્ર ભૌગોલિક અને વહીવટી રીતે ભારત સાથે જોડાયેલું હતું પરંતુ નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બન્યા બાદથી નોર્થ ઈસ્ટ અમારા દિલ અને આત્મા સાથે જોડાયા છે. તેમણે કહ્યું હતું કે મોદી સરકાર બળવાખોર અને સરહદ સાથે જોડાયેલા મુદ્દાઓના સમાધાન કરવા માટે કટિબદ્ધ છે. ૨૦૨૪માં જ્યારે અમે આપની પાસે મત માંગવા આવીશું ત્યારે નોર્થ ઈસ્ટ આતંકવાદ અને રાજ્યની સરહદ જેવી સમસ્યાઓનો ઉકેલ આવેલો રહેશે. કલમ ૩૭૧ની હદ નોર્થ ઈસ્ટથી લઈને મહારાષ્ટ્ર અને ગુજરાત સુધી છે. આના હેઠળ મોટાભાગના અધિકાર નાગાલેન્ડને મળેલા છે. જ્યાં બહારથી કોઈ જઈને જમીનની ખરીદી કરી શકે તેમ નથી. સંસદમાંથી પાસ કરાયેલા કેટલાક કાનૂન હજુ પણ લાગુ થતા નથી.

તેમના કેટલાક કાનૂની પોતાની નાગા સંસ્કૃતિ અને કાયદા સાથે સંચાલિત છે. આમાં આગળનો રસ્તો શું છે તેના ઉપર ઘણા વર્ષથી કેન્દ્ર અને રાજ્યમાં નિષ્ણાત લોકો વચ્ચે ચર્ચા થતી રહી છે. આવી જ રીતે સિક્કિમમાં જમીન ઉપર જ નહીં બલ્કે પૂર્ણ રીતે સ્થાનિક લોકોને સંરક્ષણ આપવામાં આવ્યું છે. બલ્કે તેની સાથે જોડાયેલા મુદ્દા સિક્કિમથી બહાર કોર્ટની અદાલતમાં પણ જઈ શકે તેમ નથી. આવી જ રીતે આ કલમ હેઠળ મહારાષ્ટ્ર અને કર્ણાટકના છ જિલ્લાઓને પણ ખાસ અધિકારો મળેલા છે જે હેઠળ તેમના અલગ બોર્ડ રચાયા છે. સરકારી નોકરીમાં પણ મહત્વ આપવામાં આવે છે. અમિત શાહ અરૂણચલ અને મિઝોરમના સ્થાપના દિન કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા ત્યારે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

વિશ્વગુરૂ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભલે દેશમાં કેટલાંય ધર્મ હોય પરંતુ દરેક વ્યક્તિ એક શબ્દ સાથે જોડાય છે જે હિન્દુ છે. આ શબ્દ જ દેશના કલ્ચરને દુનિયાની સામે દર્શાવે છે. તેમણે કહ્યું કે સંઘ દેશમાં વિસ્તારની સાથો સાથ હિન્દુત્વના એજન્ડા પર આગળ વધતા રહેશે જે દેશને જોડવાનું કામ કરશે.

સંઘ પ્રમુખે કહ્યું કે આપણે બધાએ માનવતાની

ઈજા પહોંચાડી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બીજી તરફ વિનય કુમારના વકીલ નવો પેંતરો અજમાવ્યો છે. વકીલે ચૂંટણી પંચમાં એક અરજી દાખલ કરી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે, જ્યારે દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈને ૧૯ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ સમક્ષ વિનય કુમારની દયાની અરજી ફગાવી દેવાની ભલામણ કરી ત્યારે તેઓ મંત્રી પણ નહોતા અને ધારાસભ્ય પણ નહોતા.

વકીલે કહ્યુ હતુ કે, આ સંજોગોમાં દયા અરજી ફગાવી દેવાનુ ગેરકાયદેસર છે. કારણકે તે સમયે દિલ્હીમાં ચૂંટણી માટેની આચાર સંહિતા લાગુ હતુ. આ અરજીમાં ચૂંટણી આયોગને કાયદાકીય કાર્યવાહી કરવા માટે માંગ કરાઈ છે.